**(૨૦)**

**પ્ર. ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

**(૧) માત્ર સંખ્યા લખો.**

સંથારાના પાઠમાં કરવામાં આવતા પચ્ચકખાણ – **૨૩** પાપના પગથિયા – **૪**

કાયાના પાપસ્થાનક – **૫** સાધુના ધર્મ – **૧૦**

**(૨) નીચેના શબ્દ કયા પાઠના છે?**

છોડી – **ત્રીજું વ્રતમાં** જાડી – **બીજા ખામણામાં**

જાણી – **પહેલા વ્રતમાં** લબ્ધિ – **ચત્તારિ મંગલંમાં**

**(૩) નીચેના વાક્ય કયા અતિચાર માટે બંધબેસતા છે?**

| | **જવાબ** |
|---|---|
| ૧. ગજાનનની આરતી ઉતારી હોય. | **પરપાસંડ પસંસા** |
| ૨. સામાયિકમાં ગજદંતના વેપારનો વિચાર કર્યો હોય. | **મણ દુપ્પણિહાણે** |
| ૩. ગજ પર બેસીને પૂર્વદિશાની મર્યાદા તોડી હોય. | **તિરિયદિસિપ્પમાણાઈક્કમે** |
| ૪. ગજનું કલેવર પડ્યું હોય ત્યાં સ્વાધ્યાય કર્યો હોય. | **અસજ્ઝાઈએ સજ્ઝાયં** |

**(૪) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો.**

| | | **શુદ્ધ** |
|---|---|---|
| ખાસસિએણં | **અશુદ્ધ** | **ખાસિએણં** |
| ભિકખાઅરિઆએ | **અશુદ્ધ** | **ભિક્ખાયરિયાએ** |
| પરિનિવ્વાયંતિ | **શુદ્ધ** | – |
| ભેસજેણં | **અશુદ્ધ** | **ભેસજ્જેણં** |

**(૫)** નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા પ્રતીતિ કરી શું પ્રતિજ્ઞા કરે છે? **મૂળ પાઠ લખો.**

**જ. સંજમં ઉવસંપજ્જામિ, બંભં ઉવસંપજ્જામિ, કપ્પં ઉવસંપજ્જામિ, નાણં ઉવસંપજ્જામિ, કિરિયં ઉવસંપજ્જામિ, સમ્મત્તં ઉવસંપજ્જામિ, બોહિં ઉવસંપજ્જામિ, મગ્ગં ઉવસંપજ્જામિ.**

**(બ) આવશ્યક સૂત્ર પ્રમાણે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. પ્રતિક્રમણ શેની સાધના છે? એની પૂર્ણતા માટે આવશ્યકસૂત્રમાં શેનું કથન છે? અનાદિકાલીન ભવભ્રમણનું મૂળ કારણ શું છે? તીર્થંકરો કેટલી કોટિએ પ્રત્યાખ્યાન કરે છે?

**જ. પ્રતિક્રમણ આત્મવિશુદ્ધિની મહત્ત્વપૂર્ણ સાધના છે. એની પૂર્ણતા માટે આવશ્યકસૂત્રમાં છ આવશ્યકનું કથન છે. અનાદિકાલીન ભવભ્રમણનું મૂળ કારણ રાગ–દ્વેષ આદિ વિષમભાવો છે. તીર્થંકરો ત્રણ કરણ અને ત્રણ યોગ એમ ૯ કોટિએ પ્રત્યાખ્યાન કરે છે.**

૨. સામાયિકનો રૂઢાર્થ શું છે?

**જ. એકાંત સ્થાનમાં શુદ્ધ આસન પાથરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, બે ઘડી ૪૮ મિનિટ પર્યંત કરેમિ ભંતે નામના પ્રતિજ્ઞા પાઠના ઉચ્ચારણપૂર્વક સર્વ પાપપ્રવૃત્તિઓનો ત્યાગ કરી, સ્વાધ્યાય, ધ્યાન, જપ, ધર્મકથા આદિ ધાર્મિક ક્રિયાઓમાં સમય વ્યતીત કરવો, તેનું નામ સામાયિક છે.**

૩. સામાયિકથી શું લાભ થાય છે? (કોઈપણ ૪ મુદ્દા લખો.)

**જ. ૧) સામાયિકના કાળ દરમ્યાન સર્વ સાવદ્યયોગના પચ્ચકખાણ થઈ જવાથી સાધકને સમગ્ર લોકના અઢારે પાપસ્થાન સંબંધી આવતી રાવી અટકી જાય છે. ૨) સામાયિક સંવરની સાધના હોવાથી આત્મગુણોનો વિકાસ થાય છે. ૩) આઠે કર્મોનો અશુભ બંધ અટકી જાય છે અને શુભ કર્મોનો બંધ થાય છે. ૪) મૈત્રી આદિ ચારે ભાવનાની પુષ્ટિ થાય છે. ૫) શારીરિક અને માનસિક શાંતિ મળે છે. ૬) સમાયિકમાં બાર પ્રકારના તપની આરાધના થાય છે.**

૪. સાધકો માટે શ્રેષ્ઠ આલંબન કોનું છે? શા માટે?

**જ. સાધકો માટે શ્રેષ્ઠ આલંબન તીર્થંકરોનું છે? કારણ કે પૂર્વના સંસકારો જીવને પુનઃ પુનઃ પાપપ્રવૃત્તિમાં ખેંચી જાય છે, તેથી પોતાની લક્ષ્યની સિદ્ધિ માટે તેને માટે શ્રેષ્ઠ આલંબન જરૂરી બને છે.**

૫. આવશ્યક સૂત્રના અંતે ત્રણે આવશ્યકનો ઉપસંહાર લખીને આ આરાધના સાધકને શેના માટે તૈયાર કરે છે? તે લખો.

**જ. ઉપસંહાર – પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકથી આસ્રવનિરોધ થાય છે, પાપપ્રવૃત્તિ રોકાઈ જાય છે. બીજા આવશ્યકથી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ થાય છે, શ્રદ્ધા દઢ–નિર્મળ થાય છે. ત્રીજા આવશ્યકથી અહંકારનો નાશ થાય છે. ત્રણે આવશ્યકની આરાધના સાધકને પાપના પ્રાયશ્ચિત્ત રૂપ પ્રતિક્રમણ માટે તૈયાર કરે છે. સંક્ષેપમાં ત્રણ આવશ્યક પ્રતિક્રમણની પૂર્વતૈયારી રૂપ છે.**

(૨૦)

**પ્ર. ૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. શ્રુત સંપદા અને મતિ સંપદા કોને કહેવાય છે?

**જ. શ્રુત સંપદા – શ્રુત સમૃદ્ધિ. સમગ્ર શાસ્ત્રોના જ્ઞાતા હોય. જ્ઞાન–પ્રચાર અને પ્રસાર કરવામાં સમર્થ હોય, શ્રોતાના પ્રશ્નોનું સમાધાન કરવાની શક્તિથી યુક્ત હોય.**

**મતિ સંપદા – બુદ્ધિ કૌશલ્ય. મતિજ્ઞાનની ઉત્કૃષ્ટતાને મતિ સંપદા કહે છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, ક્ષિપ્રાદિ ભેદયુક્ત વિશિષ્ટ બુદ્ધિ સંપન્ન હોય.**

૨. ગતિ કેટલા પ્રકારની છે? કઈ કઈ?

**જ. ૮. નરક ગતિ, તિર્યંચ ગતિ, મનુષ્ય ગતિ, દેવ ગતિ, સિદ્ધ ગતિ, ગુરુ ગતિ, પ્રણોદન ગતિ, પ્રાગ્ભાર ગતિ.**

૩. ૨ જો, ૫ મો, ૭ મો, ૯ મો એ ચાર રોગોત્પતિના કારણો લખો.

**જ. ૨) એક આસને લાંબો સમય બેસવાથી, ૫) મળની (વડીનીત) બાધા રોકવાથી, ૭) વધુ ચાલવાથી, ૯) ઈન્દ્રિયના વિષયોનુ અતિસેવન કરવાથી અર્થાત્ અતિશ્રમ, અતિપ્રેક્ષણ, અતિ કામસેવન.**

૪. સ્થિતિબંધ પરિણામ કોને કહેવાય?

**જ. આયુષ્યકર્મની જે શક્તિથી જીવ આગામી ભવનું પ્રતિનિયત સ્થિતિનું આયુષ્ય કર્મ બાંધે છે અર્થાત્ યોગ્ય સ્થિતિબંધ કરાવવાનો આયુષ્યનો સ્વભાવ છે. જેમ કે કોઈ તિર્યંચ પંચેન્દ્રિયનો જીવ જો દેવાયુનો બંધ કરે તો તે વધારેમાં વધારે ૧૮ સાગરોપમનું આયુષ્ય બાંધે અને નરકના આયુષ્યનો બંધ કરે તો ૩૩ સાગરોપમ નું આયુષ્ય બાંધી શકે છે.**

૫. શ્રેણિક અને ઉદાયી કોણ હતા? તેઓ કયા તીર્થંકર થશે?

**જ. શ્રેણિક મગધ દેશના રાજા હતા. તે આગામી ચોવીસીમાં આવતી ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં પદ્મનાભ (મહાપદ્મ) નામના પ્રથમ તીર્થંકર થશે.**

**ઉદાયી તે શ્રેણિકના પ્રપૌત્ર અને કોણિકના પુત્ર હતા. તે ઉદાયી રાજા આવતી ચોવીસીમાં સુપાર્શ્વ નામના ત્રીજા તીર્થંકર થશે.**

**(બ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. કેટલા અધ્યયન ૨૩ મી શ્રેણીમાં છે? કયા કયા? એના નામ શું છે?

**જ. ૭, ૮, ૯. ૭) કુશીલ પરિભાષા, ૮) વીર્ય, ૯) ધર્મ.**

**૨. અર્થ લખો :**

સુશીલ – **જેનું શીલ–આચાર–વિચાર પ્રશંસનીય, અનુમોદનીય, અહિંસા, સંયમ અને તપને અનુરૂપ છે તે સુશીલ છે**

કુશીલ – **જેનું શીલ–આચાર–વિચાર જુગુપ્સનીય કે નિંદનીય છે, હિંસા અને અસંયમભાવો યુક્ત છે તે.**

વીર્ય – **વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી કે ક્ષયથી આત્માની જે શક્તિ પ્રગટ થાય તેને વીર્ય કહે છે.**

ધર્મ – **કર્તવ્ય, કુશળ, અનુષ્ઠાન, સદાચાર, સત્કૃત્યો, સ્વભાવ.**

૩. જો જલસ્થાનથી શુદ્ધિ થતી હોય તો કોની કોની શુદ્ધિ થવી જોઇતી હતી?

**જ. જો જલસ્થાનથી શુદ્ધિ થતી હોય તો પાણીના જીવોની કે જળચર જીવોની કે મછીમારોની શુદ્ધિ તરત થવી જોઇતી હતી પરંતુ થતી નથી. પાણેથી બાહ્ય મળની શુદ્ધિ પણ પૂર્ણપણે થતી નથી.**

૪. વીર્યના કેટલા ભેદ છે? સકર્મવીર્ય કોને કહેવાય છે?

**જ. વીર્યના મુખ્ય પાંચ ભેદ છે. બીજી રીતે ત્રણ અને બે ભેદ પણ છે. સકર્મવીર્ય એટલે જે વીર્ય શક્તિ કે કર્મબંધનું કારણ બને તે સકર્મવીર્ય છે. પ્રમાદ – આત્મભાવોનું વિસ્મરણ જ કર્મબંધનું મુખ્ય કારણ છે, તેથી પ્રમાદ જ સકર્મવીર્ય છે.**

૫. સાધુ શું શું કરતા નથી? માત્ર બે લીટીમાં લખો.

**જ. સાધુ કાયાથી સ્વયં ભોજન બનાવે નહિ, પોતાના માટે બનાવેલું ભોજન લે નહિ, ગૃહસ્થના વસ્ત્ર–પાત્ર વાપરે નહિ, સચેત આહાર કરે નહિ, વચનથી સાવદ્ય, માર્મિક, કઠોર, કર્કશ ભાષા બોલે નહિ. મનથી કોઈનું અહિત ચિંતવે નહિ.**

(૨૦)

**પ્ર. ૩ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે** દશે શ્રાવકની વિશિષ્ટ ઘટના લખો. **(૧૦)**

**જ. પાઠાવલી પુસ્તક – ૧૦ શ્રેણી – ૨૩, પાના નં. ૩૬, ૩૭**

**(બ) સુખ વિપાક સૂત્રના આધારે** કોના અધિકાર છે? એ દરેકના માતા–પિતા–પૂર્વભવના નામ લખો. **(૧૦)**

**જ. પાઠાવલી પુસ્તક – ૧૦ શ્રેણી – ૨૩, પાના નં. ૪૫, ૪૬**

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૮)**

૧. સવ્વો ...... વિભૂસિઓ – **પાના નં. ૪૮ ગાથા ૯** ૨. અહ ...... બહુ જણં – **પાના નં. ૪૯ ગાથા ૧૭**

૩. દેવ ...... ભગવં – **પાના નં. ૫૦ ગાથા ૨૨** ૪. ઉગ્ગં ...... અણુત્તરં – **પાના નં. ૫૫ ગાથા ૫૦**

**(૨) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો. (૬)**

૧. મત્તં ચ ગંધહત્થિં, વાસુદેવસ્સ જેટ્ઠગં । આરૂઢો સોહએ અહિયં, સિરે ચૂડામણિ જહા ॥

**જ. પાના નં. ૪૮ ગાથા – ૧૦ નો માત્ર ભાવાર્થ.**

૨. કસ્સ અટ્ઠા ઈમે પાણા, એ એ સવ્વે સુહેસિણો । વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા ય અચ્છહિં ॥

**જ. પાના નં. ૪૯ ગાથા – ૧૬ નો માત્ર ભાવાર્થ.**

૩. અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો, મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર ॥

**જ. પાના નં. ૫૪ ગાથા – ૪૪ નો માત્ર ભાવાર્થ.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક જ શબ્દમાં લખો. (૬)**

| | જવાબ |
|---|---|
| ૧. બાવીસમા તીર્થંકરનું જન્મસ્થળ? | **શૌર્યપુર** |
| ૨. બાવીસમા તીર્થંકર વખતે વાસુદેવ કોણ હતા? | **કેશવ (કૃષ્ણ)** |
| ૩. બળદેવની માતાનું નામ? | **રોહિણી** |
| ૪. બાવીસમા તીર્થંકરનું સંસ્થાન? | **સમચતુરંસ્ર સંસ્થાન** |
| ૫. નેમકુમાર કોના હાથી પર આરૂઢ થયા? | **કૃષ્ણ વાસુદેવના** |
| ૬. નેમિનાથે કયા વનમાં દીક્ષા લીધી? | **સહસ્ત્રામ્રવન** |
| ૭. નેમકુમારની જાન કઈ નગરીમાંથી નીકળી? | **દ્વારિકા** |
| ૮. રાજેમતી પ્રભુના દર્શન કરવા કયા પર્વત પર ગઈ? | **રૈવતક પર્વત** |
| ૯. રાજેમતીએ રહનેમિને રૂપમાં કોના જેવા કહ્યા? | **વૈશ્રમણ** |
| ૧૦. રહનેમિના પિતાનું નામ શું હતું? | **અંધકવિષ્ણુ** |

૧૧. કઈ વનસ્પતિની જેમ અસ્થિર થઈ જવાનું કહ્યું? **હડ**
૧૨. પછી રહનેમિએ કયા ભાવથી સંયમ પાળ્યો? **નિશ્ચલભાવથી**

**(૨૦)**

**પ્ર. ૫ (અ) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો. (૧૦)**

૧. ભવિય દ્રવ્યદેવની આગત, ગતિ, સ્થિતિ અને અંતર લખો.

**જ. ભવિય દ્રવ્યદેવની આગત – ૨૮૪ ભેદની તે ૭ નરકના+૪૮ ભેદ તિર્યંચના+૧૩૧ મનુષ્યના+૯૮ દેવના. ગતિ – ૧૯૮ ભેદની તે ૯૯ દેવના અપર્યાપ્તા અને પર્યાપ્તાની. સ્થિતિ – જ. અંત. ઉ. ત્રણ પલ્યની અને અંતર – જ. ૧૦૦૦૦ વર્ષ ને અંત. અધિક ઉ. અનંતકાળનું.**

૨. નરદેવની વ્યાખ્યા, સંચિટ્ઠણા અને વિકુર્વણા લખો.

**જ. નરદેવની વ્યાખ્યા – મનુષ્યમાં જે દેવ તુલ્ય ઐશ્વર્યવાન છે, તેવા છ ખંડના અધિપતિ ચક્રવર્તીને નરદેવ કહેવાય છે. સંચિટ્ઠણા – જ. ૭૦૦ વર્ષ ઉ. ૮૪ લાખ પૂર્વ વર્ષ. વિકુર્વણા – જ. ૧, ૨, ૩ ઉ. સંખ્યાતા**

૩. દેવાધિદેવ કેટલા દોષ રહિત હોય? ૧ થી ૯ દોષ લખો.

**જ. દેવાધિદેવ અઢાર દોષ રહિત હોય. ૧) અજ્ઞાન, ૨) ક્રોધ, ૩) મદ, ૪) માન, ૫) માયા, ૬) લોભ, ૭) રતિ ૮) અરતિ, ૯) નિદ્રા.**

૪. ધર્મદેવ કોને કહેવાય? તેઓ કેટલા ગુણયુક્ત હોય? એમનો સંચિટ્ઠણા લખો.

**જ. જેઓ શ્રુત અને ચારિત્રધર્મની આરાધના દ્વારા અધ્યાત્મ જગતના ઐશ્વર્યને પામવા પુરુષાર્થશીલ છે, તેવા પંચમહાવ્રતધારી સંતો અને સતીજીઓને ધર્મદેવ કહે છે. તેઓ ૨૭ ગુણયુક્ત હોય છે.**
**સંચિટ્ઠણા – પરિણામ આશ્રી જ. ૧ સમય, પ્રવર્તન આશ્રી જ. અંત. ઉ. દેશે ઊણી પૂર્વક્રોડ વર્ષ.**

૫. ભાવદેવમાં ચાર જાતિ કઈ કઈ છે?

**જ. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક.**

**(બ) નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.) (૧૦)**

૧. એકાંત સમ્યક્ દષ્ટિમાં ૨. એકાંત મિથ્યાત્વી અભાષકમાં ૩. દેવીમાં
૪. સંજ્ઞી એકાંત મિથ્યાત્વીમાં ૫. તિર્ચ્છાલોક બાદર પર્યાપ્તામાં ૬. દેવતા સમ્યગ્દષ્ટિમાં
૭. નીલલેશી સમ્યગ્દષ્ટિમાં ૮. તિર્ચ્છાલોક સમ્યગ્દષ્ટિમાં ૯. તેજોલેશી વચનયોગીમાં
૧૦. સ્ત્રીવેદ અવધિદર્શનમાં

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. એકાંત સમ્યક્ દષ્ટિમાં | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૦ |
| ૨. એકાંત મિથ્યાત્વી અભાષકમાં | ૧ | ૨૨ | ૧૫૭ | ૧૮ | ૧૯૮ |
| ૩. દેવીમાં | ૦ | ૦ | ૦ | ૧૨૮ | ૧૨૮ |
| ૪. સંજ્ઞી એકાંત મિથ્યાત્વીમાં | ૧ | ૦ | ૧૧૨ | ૩૬ | ૧૪૯ |
| ૫. તિર્ચ્છાલોક બાદર પર્યાપ્તામાં | ૦ | ૧૯ | ૧૦૧ | ૩૬ | ૧૫૬ |
| ૬. દેવતા સમ્યગ્દષ્ટિમાં | ૦ | ૦ | ૦ | ૧૬૨ | ૧૬૨ |
| ૭. નીલલેશી સમ્યગ્દષ્ટિમાં | ૬ | ૧૮ | ૯૦ | ૭૨ | ૧૮૬ |
| ૮. તિર્ચ્છાલોક સમ્યગ્દષ્ટિમાં | ૦ | ૧૮ | ૯૦ | ૭૨ | ૧૮૦ |
| ૯. તેજોલેશી વચનયોગીમાં | ૦ | ૫ | ૧૦૧ | ૬૪ | ૧૭૦ |
| ૧૦. સ્ત્રીવેદ અવધિદર્શનમાં | ૦ | ૫ | ૩૦ | ૧૨૮ | ૧૬૩ |

**જય જિનેન્દ્ર**